

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

અંજાઇ ગયા એના ઓજસમાં, ખોવાઇ ગયા છે,
રહ્યું નથી કોઇનું પોતાપણું, લેવાઇ ગયા છે,
સેવાઇ ગયા છે બધા સામ-દામ-દંડ-ભેદથી -
એની ધાક અને હાકથી બધા મોવાઇ ગયા છે!
(અડવાણી એકલા પડી ગયા..)



ભાગ્યશાળીનાં -
કમાય ભૂત પણ -
'જસ્ટ ડાયલ'
(બીગ બીને કરોડોનો ફાયદો)

ઉડે છે લીરા!
આબરૂ ને ધ્વજના -
કોંગ્રેસ-પક્ષે..
(નેતૃત્વ-હીન પક્ષ)

ચિંતન

ગુણવજ્જન સંપર્કોધાતિ સ્વલાદો અપિ ગૌરવમ્ ।
પુષ્પમાલાનું ષંગંગેણ સૂત્રં શિરસિ ધાર્યતે ॥

'ગુણવાન માણસ સાથેના સંપર્ક-સંબંધ કે સહવાસથી શુદ્ર માણસ પણ ગૌરવ પામે છે ફૂલની માળા સાથે સંબંધને કારણે સૂતરનો દોરો પણ મસ્તકે ચઢે છે.'

સજ્જન-સદ્‌ગુણી લોકો સાથેનો સંપર્ક સત્સંગ સામાન્ય માણસને પણ યોગ્ય માર્ગે અનાયાસ લઇ જાય છે. સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઇએ છીએ. પ્રધાનશ્રી અને અધિકારીશ્રીઓના પી.એ.અંગત મદદનીશ તદ્દન સામાન્ય માણસ હોવા છતાં એમના શેઠ-સાહેબ સ્થાન - માન સન્માન પામતા હોય છે.

સાચા-સંત-મહાત્માના પટ્ટશિષ્યો સંત કરતાં પણ વિશેષ માન-સન્માન મેળવી લેતાં હોય છે. શેરડીને કારણે જેમ એરંડાને પણ તૃપ્તિ થાય એટલું પાણી મળી રહે તેમ સજ્જન - મહાજનના સહવાસ-સત્સંગથી સામાન્ય માણસને પણ ફાયદો થઇ જાય છે.

આ શ્લોકમાં દાખલો આપ્યા પ્રમાણે ફૂલ તો મહાદેવના શિર પર ચઢે પણ એમાં રહેલી તુચ્છ જિવાતને પણ મહાદેવના મસ્તકે ચઢવાનો લાભ મળી જાય છે કારણ કે એનો સંગ ફૂલ સાથે છે.

સુવિચાર

- જગતમાં આજ સુધી સારૂં યુદ્ધ અને ખરાબ શાંતિ ક્યારેય થયા નથી **- ફ્રેંકલીન**
- યુદ્ધના જેવું અસ્પષ્ટ ભાવી જગતમાં બીજું એકે નથી.. જો યુદ્ધ થાય છે તો તે બહુધા મનુષ્યોની નિષ્ફળતાના પરિણામે થાય છે **- બોનર લો**
- યુદ્ધ મનુષ્ય માટે સર્વથી ભયાનક પ્લેગ છે. તે ધર્મનો નાશ કરે છે, રાષ્ટ્રને બરબાદ કરે છે અને પરિવારોનો નાશ કરે છે **- માર્ટિન લ્યૂથર**
- યુદ્ધ ત્રણ સેનાઓને ઉત્પન્ન કરે છે અપંગોની સેના, શોકગ્રસ્તોની સેના અને ચોરોની સેના **- અજ્ઞાત**
- યુદ્ધને પોતાનો ધંધો બનાવનારાઓ કરતાં અધિક કુટિલ બીજું કોઇ નથી, યુદ્ધ ચોર-ડાકુઓને પેદા કરે છે, શાંતિના કાળ તેનું મૃત્યુ છે **- મૈકિયાવેલી**
- એકલી પંડિતાઇથી શું વળે? શાસ્ત્રમાં તો લખ્યું હોય વીસ ઇંચ વરસાદ પડશે, પણ શાસ્ત્ર નિચોવ્યે એક પણ ટીપું ન પડે **- રામકૃષ્ણ પરમહંસ**
- તમે તમારા સંતાનના વાલી છો માલિક નહીં, બળજબરીથી તેના શરીર પર કબજો મેળવી શકો આત્મા પર નહીં, તેને તમારો પ્રેમ આપો, વિચારો નહીં**- ખલિલ જિબ્રાન**

બોધ કથા

દુ:ખ અને ચિંતાઓ આપણે જાતે પોતાના હાથે ઊભાં કરીએ છીએ. સગાં-સ્નેહીઓ પાસે રાખવામાં આવતી વધારે પડતી અપેક્ષા સંતોષાય નહીં એટલે 'ફરિયાદો' જન્મે દુ:ખ થાય - આનું વર્તન આમ કેમ છે? શા માટે છે? આમ કેમ બોલ્યા - ચહેરા પર આવો ભાવ કેમ હતો આવી નાની-મોટી ચિંતાઓ પણ દુ:ખનું કારણ બને છે.

ઇરાનના ખલીફા હારૂન બધી જ રીતે સુખી સંપન્ન હતો છતાં હંમેશા એના હૃદયમાં ઉદ્વેગ અન અસુખની લાગણી રહેતી. તેને કારણે રણમા રહેતા એક સૂફી સંત જે સૂફી વાણીમાં સતત અલ્લાહને સ્મરણમાં રાખી આનંદમાં જ રહેતાં એની સલાહ લેવાની ઇચ્છા થઇ. કહ્યું કોઇ જ કારણ નથી છતાં મને ઉદ્વેગ અને અસુખની લાગણી કેમ થાય છે?

સૂફી સંત કહે - 'ફરિયાદો કરવાનું બંધ કર' જે કોઇ જેમ કરે તે જોયા કર - એને જોઇ ફરિયાદ ન કર. અને તું જે પ્રકારનું વર્તન કરે તે નિર્ભય - નિખાલસ થઇ કર કોને શું.. કેવું લાગશે એની ચિંતા પરવા છોડી દે! સુખી થઇ જઇશ.

E-mail : sureshchandrabhatt18@gmail.com

ગુજરાત પ્રેસ અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આગામી તા. ૧૩ જુલાઈના રોજ 'સાહિત્ય અને પત્રકારત્વ' એક સિક્કાની બે બાજુ' વિષય પર પરિસંવાદ યોજાનાર છે જેમાં ડૉ. ચંદ્રકાન્ત મહેતા અને દોલત ભટ્ટ વકતવ્યો આપશે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

સમાચાર સેતુ

- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ગૌરવ પુરસ્કાર તારક મહેતા અને ભગવતી કુમાર શર્માને અર્પણ કરી સન્માનીત કરવાનો કાર્યક્રમ યોજાઇ ગયો.
- ગુજરાતી સાહિત્ય અકાદમીના વળી ગુજરાતી ગઝલ કેન્દ્ર દ્વારા ગુજરાતી ગઝલ એવોર્ડ ૨૦૧૨ ગઝલકાર હરિષ મિનીશ્રુને અર્પણ કરવાની જાહેરાત થઇ છે.
- ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં રાજભાષા સામયિક માટે વાર્તા, કવિતા, લેખો મોકલવામાં માટે ભાષા નિયામકની કચેરી ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર ખાતે મોકલવા જણાવાયું છે.
- ગુજરાત પ્રેસ અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આગામી તા. ૧૩ જુલાઇના રોજ 'સાહિત્ય અને પત્રકારત્વ' એક સિક્કાની બે બાજુ' વિષય પર પરિસંવાદ યોજાનાર છે જેમાં ડો. ચંદ્રકાન્ત મહેતા અને દોલત ભટ્ટ વકતવ્યો આપશે.
- ભારતીય ભાષા સાહિત્યમાં ઉલ્લેખનિય પ્રદાન બદલ આપવામાં આવતો 'કુસુમાગ્રજ નેશનલ એવોર્ડ' પ્રતિષ્ઠિત સાહિત્યકાર સિતાશું યશચંદ્રને આપવામાં આવ્યો છે.
- મહેસાણાની મ્યુનિસિપલ આર્ટ્સ કોલેજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે 'જોસેફ મેકવાનની સાહિત્ય સૃષ્ટિ' વિષે સેમિનાર યોજાઇ ગયો, જેમાં ડો. કેશુભાઇ દેસાઇ, મણીલાલ હ. પટેલ, ડો. ભરત પંડ્યા અને નટુભાઇ પરમારે વકતવ્યો આપ્યાં હતા.
- માતૃભાષા અભિયાનના ઉપક્રમે વિશિષ્ટ શિક્ષકોનું સન્માન થનાર છે તે ઉપરાંત ધો-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ભજવી શકાય તેવાં મૌલિક એકાંકી નાટકો મોકલવા જણાવવામાં આવ્યું છે. તે માટે માતૃભાષા, વી.એમ. એસ. કન્સલ્ટન્ટ, ચિત્રકુટ ફ્લેટ્સ, ગુજરાતી સાહિત્ય પરિષદ સામે આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદનો સંપર્ક કરવા જણાવાયું છે.
- ગાંધીનગર સાહિત્ય સભાની આગામી માસિક બેઠક તા. ૯-૬-૨૦૧૩ રવિવારે નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ ખાતે સાંજે ૫-૦૦ વાગે મળશે જેમાં કાવ્ય કૃતિઓનું પઠનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

સાભાર સ્વીકાર સેતુ

● ઇતિહાસ ગાથા (માંડવી મડઇ ૪૩૦ વર્ષ)

લેખક : નારાયણ શનિશ્વરા
કિંમત : ૧૫૦ રૂપિયા, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧
પ્રકાશક : પ્રતિક પ્રકાશન માંડવી, કચ્છ.

સવંત ૧૬૩૬ થી ૨૦૬૫ ના ૪૬૦ વર્ષના સમયગાળાનો ઇતિહાસ, તેના ફોટોગ્રાફ, પ્રસંગો વિગેરે જેમ જેમ મળ્યા તેમ લખાયેલ અને તૈયાર થયેલ પુસ્તકમાં સળંગ વાક્યતા જળવાતી નથી પણ તેથી તેનું મહત્વ ઓછું આંકી શકાય નહીં. લેખકે પુસ્તકમાં અનુક્રમણીકા પણ આપી નથી. પરંતુ માંડવીના સ્થાપયો, જાહેર બાંધકામો, માંડવીનું સૌંદર્ય, મહાનુભાવોની તસ્વીરો, તેમજ સાહિત્ય, સંગીત, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે તેમજ રાજકીય ક્ષેત્રે અગ્રગમ્ય વ્યક્તિઓ વિષેની ટૂંકી માહિતી, વરસાદના આંકડાઓ, વસ્તી ગણતરીના આંકડાઓ વિગેરે માહિતીઓ આપી છે. આ પુસ્તક જાણીતા હાસ્યકાર ચિત્રસેન શાહ દ્વારા મારી પાસે આવ્યું. માંડવીનો ઇતિહાસ જાણવાની ઉત્સુકતા દાખવનાર માટે ઉપયોગી થાય તેવું છે.

● પ્રતિભાના પોંખણા (ભીખુ કવિના નિવૃત્તિ પ્રસંગે શુભેચ્છકોની અક્ષર પ્રસાત)

સંપાદકો : પરામર્થકોની ટીમના સરોજબેન, ભીખુભાઇ કવિ, મુ.પો. કડિયાદરા, તા. ઇડર. : કિંમત : નિશુલ્ક, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

કવિ, નાટ્યકાર, શિક્ષક ભીખુ કવિના જીવનના વૈવિધસભર પાસાંઓને ઉજાગર કરતો ગ્રંથ જેમાં કુલ - ૨૫ લેખો છે. ઉપરાંત અનેક મહાનુભાવોના શુભેચ્છા સંદેશ અને ભીખુભાઇના સાહિત્યની સમીક્ષાના લેખો પણ મળે છે. તે ઉપરાંત વિભાગ-૪માં સન્માન પત્રો અને વિભાગ-૫માં બોલતી તસ્વીરો એ પુસ્તકને માતબર બનાવ્યું છે. ડો. કનૈયાલાલ ભટ્ટ તેમને વાણી અને વિનમ્રતાના જાદુગર તરીકે ઓળખાવે છે. તો ભાનુભાઇ પુરાણીને ભીખુ કવિ મળવા જેવા માણસ લાગ્યા છે. ભીખું કવિનું આ પુસ્તક તેમના ચાહકો માટે એક સુંદર સંભારણું બની રહેશે.

● ભજ ગોવિન્દમ્ (શ્રી શંકરાચાર્ય કૃત)

લેખક : ભાષ્યકાર ઇ. ગોવિન્દચંદ્ર શાહુ
ભાષાતર : ભાનુપ્રસાદ પુરાણી, જી.કે. પંડ્યા અને ભૂમિકાબેન ચાવડા
કિંમત : અમુલ્ય, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩
પ્રકાશક - કિરીટભાઇ એ. પટેલ 'શ્રીકુંડ', પ્લોટ નં. ૧૨૨/૨
સેક્ટર-૨એ, ગાંધીનગર સંપર્ક : ૨૩૨૨૯૧૩૯

જગદ્‌ગુરૂ આદિ શંકરાચાર્યજી મૂળ સંસ્કૃત ભાષામાં લખાયેલી 'મોહ મુદગર' રચનામાં ભજ ગોવિન્દમ્ ૩૧ શ્લોકમાં ગોવિન્દને ભજવા માટેના આગ્રહના આ શ્લોકોનો વિવરણ સહિત ભાવાનુવાદ આ પુસ્તકમાં આપણને મળે છે. ઓડિયા ભાષાના સાહિત્યકાર, ઇજનેર ઇ. ગોવિન્દચંદ્ર શાહુ દ્વારા લખાયેલા તેના હિન્દી અનુવાદ ઉપરથી ગુજરાતીના વાચકો માટે ઉપલબ્ધ થયું છે. શાહુજીએ તેઓનાં ભાષ્યમાં નિર્દેશ કરેલાં દૃષ્ટાંતો હૃદયગમ્ય છે. પરંતુ સાથોસાથ તેનો યથોચિત ઉપયોગ તેઓ એ એ રીતે કર્યો છે કે મૂળ શ્લોકોમાં રહેલા ગહન અને ગુઢાર્થ ને સચોટ રીતે સમજાવવામાં તેમણે અખૂટ સફળતા મળી છે. આ પુસ્તકમાં 'શિવ સંકલ્પનો સત્કાર' શિર્ષકની જાણીતા વિદ્વાન વી.એસ. ગઢવીને નિવેદન લખ્યું છે. જે પુસ્તકને અને તેમાંથી સામગ્રીને સમજવામાં બહુ ઉપયોગી થઇ શકે તેમ છે. આ પુસ્તકના પ્રકાશક કિરીટભાઇ પટેલે આવા શિવ સંકલ્પનો ઉમળકાભેર સત્કાર કરી આપણા શાસ્ત્રોનું આ અમુલ્ય જ્ઞાન ઘર ઘરમાં અને જન જનમાં પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે, તે ધન્યવાદને પાત્ર છે.

● ચેતનાનો સમય

લેખક : પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ
પ્રકાશક : શ્રીમતી નીતાબેન ઇન્દુકુમાર ભટ્ટ ૩૩૬, આલેખ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૩, ગાંધીનગર, સંપર્ક : ૯૮૨૫૦૩૩૭૧૧, કિંમત વિના મુલ્ય, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

'ચેતનાનો સમય' અર્થાત જાગૃત થવાની ઘડી એવા અર્થ સંદર્ભ સાથે લેખકે ગાંધીનગર સમાચારની પોતાની કોલમમાં પ્રગટ થયેલા લેખોને પુસ્તક રૂપે પ્રગટ કર્યા છે. લેખોમાં વિષય વૈવિધ્ય જણાય છે. આ પુસ્તકમાં ત્રીજ જેટલાં લેખોનું સંકલન કરવામાં આવ્યું છે. તેમાં અંગત જીવનથી માંડીને વૃદ્ધાવસ્થા, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિકાસ અને સાહિત્યને લગતા લેખો આવરી લેવાયા છે. જે વાચકોએ આ લેખો અગાઉ વાંચ્યા છે. તેમનેફરી વાર મમળાવવા અને જેમણે નથી વાંચ્યા તેમણે એકવાર વાંચી જવા માટે પ્રેરે તેવું આ પુસ્તક છે. લેખક પ્રકાશકને અભિનંદન!

કાવ્ય સેતુ

કણસે દરિયો!

ડુંગર-મોજાં, ઘૂઘવે દરિયો,
પવન ઝપાટે સૂસવે દરિયો
મિલન-સરિતા તરસે દરિયો,
વિરહ મહી ઘન વરસે દરિયો.
ટાઢ, તાપ, ચોમાસું સહેતો,
કદી છતાં ના વણસે દરિયો.
રિદ્ધિ-સિદ્ધિ આપી નિજની,
ઉરમાં ના સંઘરશે દરિયો.
તારી માલ ને માણસ સઘળાં,
પંડ પોતાનું ચીરશે દરિયો.
કૈંક અખતરા કરે માનવી,
કેમ પછી ના વકરે દરિયો?
વાટ્યું જોતી કૈંક ખારવણ,
બડકંદા સંચરશે દરિયો.
રવિ-કિરણોએ વિલસે દરિયો,
સાંજ ઢળે ને કણસે દરિયો!

- ભરત કવિ "ઉર્મિલ"

ગામના જીવનમાં શાંતિ, સ્નેહ અને સંતોષ સદા વ્યાપેલાં હતા, ઘટાદાર વૃક્ષો અને લીલાંછમ્મ ખેતરોથી ગામ શોભતું હતું તેવા ગામના પુન:ઉદ્ધાર માટે ભગીરથ પ્રયત્નો કરીશું

ગામડું બોલે છે

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરથી આશરે ૩૦ કિ.મી. દુર ઘોઘા ગામ આવેલું છે. જે ઘોઘા બંદર તરીકે પણ પ્રસિદ્ધ છે. ભાવનગર શહેર તથા ગુજરાતના વિકાસમાં આ બંદરનો મહત્વનો ફાળો છે. આ ગામમાં નાગર જ્ઞાતિનાં ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. જેના રીનોવેશન પછી મંદિરમાં દર્શનાર્થીઓનું આવન - જાવન બહુ જ વધી ગયું છે. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી તેમજ પશુપાલન છે. આવા સમૃદ્ધ ગામમાં કંકુ ઉર્ફે કંકુડી તથા લક્ષ્મી ઉર્ફે લખુડી એમ બે બહેનપણીઓ રહે છે. ખેતરમાં પાણી વાળવાનું હોય, ખેતરની સફાઇ કરવાની હોય કે ખેતરમાં પાક લણવાનો હોય કે અન્ય કામો હોય ત્યાં બંને બહેનપણીઓ સાથે ને સાથે જ જોવા મળે. કંકુ તેમજ લખુડીએ ગામની શાળામાં અભ્યાસ કર્યો છે. એટલે થોડુંગણું લખતાં તેમજ વાંચતા આવડે છે. કંકુડી મોટી તેમજ જીવનના અનુભવો માણી શકીછે. અને તેને ઘરે એક દિકરો નામે લાલીયો છે. લખુડી પુખ્યવયની થતાં તેને માટે ભાવનગર શહેરમાં રહેતો વિનોદ ઉર્ફે વિનીઆ સાથે લગ્ન કરવાનું નક્કી થયું છે.

પહેલેથી બહેનપણી લખુડીના લગ્નની જવાબદારી સ્વીકારી લીધી છે. ગામમાં શુભપ્રસંગે એકબીજા સાથે - સહકાર આપતાં હોવાથી કંકુડીએ જાનૈયા માટે ત્રણેક ઘર તથા લગ્ન માટે નાની વાડી જેવું પસંદ કરી લીધા છે. લગ્ન લેવાયા ત્યારે કંકુડી કડે - ઘડે છે. કારણ કે તેની બહેનપણીના લગ્ન છે. લગ્ન પુર્ણ થતાં, લખુડીને વળાવવાનો સમય આવે છે. આ સમયે ભલભલાં કઠણ છાતીવાળા પણ ઢીલ્લાં થઇ જાય છે. તેમ લખુડીને વળાવવાનાં પ્રસંગે કંકુડી તેમજ ગ્રામજનો ભારે હૃદયે લખુડીને વિદાય કરે છે. લખુડી પણ ગામના લોકોને છોડી જતાં દુ:ખી છે પરંતુ લગ્ન પછી શહેરમાં નવું ઘર વસાવવાનું હોવાથી તેના વિચારોમાં ખોવાયેલી તથા આનંદિત છે. જાન વિદાય લે છે. લખુડી હવે શહેરીજીવન ગાળતી થઇ જાય છે. બે મહિના પછી ગામ આવીને પહેલાં કંકુડીને મળે છે અને શહેરની વાતો કરે છે. રજાના દિવસે બહાર જઇએ છીએ. કોઇ કોઇ વખત ઘોઘા સર્કલ પાસે આવેલ બગીચામાં, કોઇ કોઇ વખતે તખતેશ્વર દેખાય છે.

ત્યાં જઇએ જયારે કોઇ કોઇ વખત ભાવનગર શહેરને પાણી પુરૂ પાડતું બોર તળાવ કે જેનું હવે નામ ગૌરીશંકર લેઇક છે ત્યાં પાણીપુરી ભેળ ખાલીને ઘરે મોડેથી પાછા ફરીએ છીએ. કંકુડી લખુડીની આ વાત સાંભળીને મનમાં ને મનમાં હરખાય છે તેને હવે શહેરમાં રહેવાની ઝટપટી થાય છે, તેના પતિ નાથાને શહેરમાં જવાની વાત કરે છે, નાથો જાણે છે કે સ્ત્રી હઠ કેવી હોય છે. રાજારામને પણ સ્ત્રી હઠને લીધે રાજપાટને બદલે વનવાસ મળ્યો હતો. નાથો તેના માતા-પિતાને શહેરમાં પિતા કહે છે કે શહેરમાં મોજશોખ, મસ્તી, ફરવા-ફરવાનાં સ્થળો, સિનેમાઓ, મોટી હોટલો વિગેરે વૈભવો છે પરંતુ તમારા જીવનના પાંચ વર્ષ ઓછા થઇ જાય છે તે પણ હકીકત છે, તમારે જવું હોય તો જજો અમે તો અમે ભલાને અમારૂં આ ગામ ભલુ. કંકુડી આ વાત સ્વીકારતી નથી કારણ કે તેણે તો દિવાળી પહેલા શહેરમાં જવાનું મનોમન નક્કી કરી નાખ્યું હોય છે.

દિવાળી નજીક આવતાં, શહેર તરફ પ્રસ્તાવ કરે છે. મહિને રૂા. ૨૦૦/- ભાડુ તેમજ રૂા. ૨૦૦/- એડવાન્સ એમ ઘરનું નક્કી થાય છે. નાથાની નોકરી પણ ઘોઘા સર્કલ પાસે આવેલી એક દુકાનમાં મળી જાય છે, ત્યાં જવાના રૂા. ૫/- એમ રોજનું રીક્ષા ભાડુ થાય છે, આમ કંકુડી તથા નાથો શહેરજીવનની શરૂઆત કરે છે. થોડા દિવસ તો બધુ બરોબર ચાલે છે પરંતુ નાથો આવવા - જવા તેમજ સવારે ૯ થી સાંજના ૬ સુધીની નોકરને લીધે આર્થિક તેમજ શારીરિક રીતે થાકી જાય છે. અને એક દિવસ કંકુડીને તેને પડતી મુશ્કેલી વિશે જાણ કરે છે.

કંકુડી પણ સાથ આપવા તૈયાર થતાં, તેને માટે એક સ્કૂલમાં 'આયા'ની નોકરી ગોતી કાઢે છે. સ્કૂલમાં છોકરાઓનું ધ્યાન રાખવાનું તેમજ સફાઇનું કામ સોપવામાં આવે છે. લાલીયો પણ ચાર વર્ષનો થતાં, તેને પણ સ્કૂલમાં દાખલ કરી દે છે. ફી મહિનાની રૂા. ૨૦૦/- તેમજ ડોનેશનના રૂા. ૧૦૦૦/- લેખે નક્કી થતાં, લાલીયાને પણ પ્રવેશ મળી જાય છે. થોડા દિવસ તો બધુ હેમખેમ ચાલે છે. પરંતુ વચ્ચે લાલીયો બિમાર પડે છે, એકાદ દિવસ કંકુડી ઘરગથ્થુ ઉપાય કરે છે, તાવ ઉતરતો ન હોવાથી ડોકટર પાસે લઇ જતાં, ડોકટરે ફી ૧૦૦/- તથા દવા લખી આપે છે. તેના ૫૦/- થતાં, કંકુડી ખરેખર હવે આર્થિક - મુશ્કેલી અનુભવવા લાગી છે, વળી તેની સ્કૂલમાં પાંચ દિવસની ગેરહાજરી થતાં, બે દિવસના રૂા. ૧૦૦/- પગારમાંથી કપાય જતાં, કંકુડીને હવે પૈસાની કિંમત સમજાય છે. તેને હવે લાગે છે કે શહેરમાં પૈસા સિવાય માણસની કિંમત કશી નથી.

એક દિવસ દુધ લેવા ગઇ ત્યારે પૈસા ઓછા હોવાથી દૂધ આપ્યું નહિ. કંકુડીએ ઘણી દલીલ કરી પણ પૈસા લઇને આવો તો જ દૂધ મળશે તેવું કહેવામાં આવ્યું. શહેરમાં નાણા વિનાનો નાથીયો જેવું લાગે એછે. આ તબક્કે તેને ગામનો વ્યવહાર યાદ આવે છે. ગામમાં ખેતરેથી પાછા ફરતાં, ગંગા દોશી લોટો ભરીને દૂધ તથા છાશ મફ્ત આપતાં હતા તેની કિંમત હવે કંકુડીને સમજાઇ. ગામડેથી સાથે રાખેલાં તેમજ બચત કરેલ મૂડી પણ ખલાશ થઇ ગઇ, વળી રીક્ષા ભાડાના, દૂધ, શાકભાજી, તથા અન્ય થતાં ખર્ચ અંગે કંકુડી વિચારવા લાગી અને લાંબા સમય સુધી આવું ચાલું રહેશે તો પરિસ્થિતિ કયાં જઇને અટકશે તે વિચારે કંકુડી મુઝાવા લાગી. વળી ગામમાં લખુડી હતી ત્યારે રોજ મળતી હતી અને શહેરમાં આવ્યા પછી તેમજ તેની ખાસ બહેનપણી હોવા છતાં બે મહિને પણ મળી નથી તે વિચાર કરતાં મનોમન દુ:ખી થઇ ગઇ. એક દિવસ બજારમાં લખુડી મળતાં, શહેરમાં ધમાલીયા જીવન વિશે બળાપો કાઢ્યો અને ગામ પાછા જવાનું વિચારીએ છીએ તેમ જણાવ્યું. નાથાને પણ કંકુડી પાછા ગામ ફરવાનું વિચારે છે જાણી આનંદ થયો. બંને જણાએ ભેગા થઇ નકક્ કર્યું કે દિવાળી પહેલાં ગામ ભેગા થઇ જવું, તદાનુસાર દિવાળી પહેલાં કંકુડી, નાથો તેમજ લાલીયો ગામ કાયમ માટે પાછા ફરે છે અને સંકલ્પ કરે છે કે જયાં વર્ષો પહેલાં સુખનું સામ્રાજ્ય પ્રવર્તતુ હતું. ઘી-દૂધ માગ્યા મળતાં હતા. ધાન્યના ભંડારો ભરેલાં રહેતા હતા. સૌ ગ્રામવાશીઓ સુખી, સમૃદ્ધ હતા. ગામના જીવનમાં શાંતિ, સ્નેહ અને સંતોષ સદા વ્યાપેલાં હતા, ઘટાદાર વૃક્ષો અને લીલાંછમ્મ ખેતરોથી ગામ શોભતું હતું તેવા ગામના પુન:ઉદ્ધાર માટે ભગીરથ પ્રયત્નો કરીશું અંતરથી પ્રભુને પ્રાર્થના કે સાચા અર્થમાં અમારૂં ગામ નવું જીવન પ્રાપ્ત કરે તેવા પ્રયત્નો કરીશું; તેવા વિચાર સાથે સંસારચક્ર ગામમાં આગળ ધપાવે છે.

ઘણી વખત વ્યક્તિના તદ્દન નજીકના સંબંધી જ વ્યક્તિને ન ગમતી જગ્યાએ જવા માટે બાધ્ય કરતા હોય છે, અને પછી અકસ્માત ઘટના ઘટે ત્યારે પોતાની જાતને તે માટે અતિ જવાબદાર માને છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

સર્વક્ષયન્તાં નિપ્પયાઃ યતનામ્ના : સમુચ્છયાઃ
સંયોગ વિપ્રયોગાન્તાઃ મરણાંન્ત ચ જીવીતમ્ ।

બધા જ ભંડારો ખુટી જાય છે. બધા જ ઊંચે ચડનારા પતન પામે છે. મિલન - માત્રનો અંજામ વિયોગમાં આવે છે. મારણ એ જ જીવનમાં અંતિમ વિસામો છે.

(મહાભારત)

અંત્યેષ્ઠી એ હિન્દુ સમાનત ધર્મનો સંસ્કાર છે. કિન્તુ મૃત્યુ તો સમગ્ર સજીવન પદાર્થોના વિકાસ - યાત્રાનું પ્રાથમિક અટક - સ્થાન મનાય છે. વિકાસની પ્રક્રિયા તો આગળને આગળ વધતી જવાની જે આપણા માટે સ્પષ્ટરૂપે દૃષ્ટિગોચર ન પણ થતી હોય. ભગવાન વેદવ્યાસથી માંડીને આજ સુધીના તમામ ચિંતકોએ 'મરણ' અંગે અગણિત ચિંતનો રજૂ કર્યા છે. જેમાં ધાર્મિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક - દૃષ્ટિબિંદુઓ અભિવ્યક્ત થયા છે. મૃત્યુને મંગળ - આનંદદાયક ગણાવ્યા પછી પણ કોઈએ તેના નિવારણનો કોઈ ઉપાય દર્શાવ્યો નથી. એક અનિવાર્ય અનિષ્ટના સ્વરૂપે તે સ્વીકાર્ય બન્યું છે. મૃત્યુના રહસ્ય પરનો પડદો તો હજી ખોલવાનો બાકી છે.

કોઈ વ્યક્તિનું અમુક જગ્યાએ જયાં તે અગાઉ કયારેય ગયો ન હોય ત્યાં - મૃત્યુ થાય તો આપણા વડવાઓ કહેતા 'એ ભૂમિ તેને પોકારતી હશે' આનો શો અર્થ તારવવો? શું બે અગમ્ય - સ્થાન - સ્થલનો કોઈ ગુપ્ત પોકાર જે તે વ્યક્તિના અંતર - કર્ણ પણ અથડાયો હશે? જેના પરિણામે વ્યક્તિ તે તરફ ખેંચાઈ હોય? શ્રીમદ ભગવદ ગીતામાં 'માણસ ઈચ્છતો ન હોય તો પણ પાપકર્મ કરવા કેમ પ્રેરાય છે?' તેવા અર્જુનના પ્રશ્નનો જવાબ આપતાં કૃષ્ણ કામ અને ક્રોધને જવાબદાર ગણે છે. એ રીતે વ્યક્તિએ ત્યાં જવાનું પસંદ કેમ કર્યું તેના જવાબમાં મૃત્યુ તેને ખેંચી ગયું તેમજ કહેવું પડે. પ્રશ્ન એ છે કે શું મૃત્યુ પોતાના શિકારને ચોક્કસ જગ્યાએ ખેંચી જાય છે તે વાત સાચી હશે? આપણે વાંચીએ છીએ. સાંભલીએ છીએ કે ભાઈને જવું ન હતું તો પણ જવું પડ્યું... મૃત્યુ તેને ખેંચી ગયું... આ અંગે ખલીફાના સમયથી કથા છે.

યુસુફ ખલીફાનો સિપાડી. સાંજે ફરવા ગયો. નદી કિનારે... એક સફેદ વસ્ત્રધારી વ્યક્તિ જોઈ. તો પૂછ્યું... કોણ છો... તો કહે. તારા મૃત્યુ છું. તારી વાટ જોઉં છું... યુસુફે વિચાર કર્યો ચાલ બગદાદ છોડી બસરા.. ચાલ્યો જાઉં... તેણે રાતોરાત ઘોડે બેસી બસરા પહોંચી ગયો. ત્યાં દરવાજામાંજ ઘોડો લથડ્યો યુસુફ નીચે પડ્યો. ત્યાં પેલી સફેદ - વસ્ત્રધારી વ્યક્તિને જોઈ. 'તું અહીં કયાંથી?' તો કહે, 'તારૂં મરણ આ સ્થળે હતું. તને અહીં લાવવા માટે માટે બગદાદ આવવું પડેલું...' વ્યક્તિ મારાથી નાસી કયાંક જઈ શકતી નથી. વ્યક્તિ માટે તેનું મરણ જે જગ્યાએ નિર્ધારિત થયું હોય ત્યાં જ થાય છે. તો શું આ બધું આપોઆપ થશું હશે? કે તેની પાછળ કોઈ અગમ્ય પ્રેરક-બળ કામ કરતું હશે? એવું તો નહિ હોય કે 'કાગને બેસવું ને ડાળને પડવું' પણ ના આવો એકાદ નહિ અનેક બનાવો બને છે. આપણે જોઈએ છીએ કે વ્યક્તિ છેલ્લી ક્ષણે બચી જાય છે. અથવા તો મરણ પામે છે. બે - પાંચ મિનિટ માટે કાં તો ગાડી ચુકી જવાય છે, અથવા તો ગાડી મળી જાય છે.

વ્યક્તિના મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે જણાવતી એક આખ્યાયિકા મહાભારતનાં શાંતિપર્વમાં આવેલી છે. શોક-સંપન્ન યુધિષ્ઠિરને સાંત્વના આપવા પિતામહ ભીષ્મ આ વાર્તા કહે છે. ગૌમતી નામી જ્ઞાની સ્ત્રીનો પુત્ર સર્પદંશથી મૃત્યુ પામ્યો. એક પારધીએ જોયું તેણે સર્પને પકડી ગૌમતી સમક્ષ રજૂ કર્યો ને કહ્યું, 'આ તમારા બાળકનો ખૂની છે. કહો તેને શું સજા કરૂં? ગૌમતીએ જણાવ્યું આ સર્પે હેતુપૂર્વક મારા પુત્રનો નાશ નથી કર્યો તેને શિક્ષા કરી હું મારા આત્મા પર ભાર વધારવા માગતી નથી. ધર્મનું પાલન કરનારે હળવા રહેવું જોઈએ તેથી ભવ-સાગર તરી જવાય : કો આત્મનામ ગુરૂ કુર્યાત, પ્રાટલવ્યમ્ અચિન્તયત' પાપનો ભાર લેનાર ભવ-સાગરમાં ડૂબી જાય. માટે તેને શિક્ષા કરી પાપ નથી કરવું.

પણ પારધી સ્પષ્ટ કહે છે કે. આ બધી જ્ઞાનની વાતો છે. ગુનેગારને સજા થવી જોઈએ. ધર્મ તથા જ્ઞાનની વાતો દરેક પ્રસંગમાં ન શોભે. તમારા વિચારોથી સમાજના શ્રેયને હાનિ પહોંચે છે. પરંતુ ગૌમતી સર્પને શિક્ષા કરવા તૈયાર થતી નથી. તે તો માને છે કે ધર્મ જેનો આત્મા છે તેવા માણસોએ સૌજન્ય ન છોડવું જોઈએ. પરિણામ ગમેતે આવે સદાચારીએ તે સ્વીકારી લેવું જોઈએ. વળી આને શિક્ષા કરવાથી મૃત બાળક જીવતો નથી થવાનો. માટે તું આને છોડી દે.

પારધી ના પાડે છે જો આને છોડી દઉં તો તે બીજા દસ વ્યક્તિને કરડશે. તેના મરણ નીપજાવશે. માટે આનો તો નાશ કરવો જ પડે. ત્યારે ગૌતમી ઉત્તમ જ્ઞાન-વાત કરે છે. જગતમાં કોઈ - કોઈનું મૃત્યુ નિપજાવી શકતું નથી તેમ કોઈ કોઈને જીવન લક્ષી શકતું નથી. ત્યારે પેલો સાચ બોલે છે. મેં આ બાળકને જાણી જોઈ જંખ નથી દીધો. મને તો મૃત્યુએ પ્રેરિત કર્યો હતો. હું તો નિમિત્ત માત્ર છું. ગીતાજીમાં પણ ભગવાને અર્જુનને નિમિત્ર માત્ર બનવા કહ્યું છે. નિમિત્ત બનનારને થાય. પુન્ય અડતા નથી. જો સમજ કરવી હોય તો મૃત્યુને કરો મને નહિ.

સાક્ષાત - મૃત્યુ પ્રગટ થાય છે. એ કહે છે - સર્પ તું મારૂં સાધન બન્યો પણ મને કોણે પ્રેરણા કરેલી તે તું જાણે છે? એ પ્રેરક બળ છે. સાક્ષાત કાળ - આના મરણનું કારણ કાળબળ છે. જેમ વાયુ વાદળોને પોતાની સાથે ખેંચી જાય છે તેમ કાળ મને પોતાની સાથે લઈ જાય છે. હું તો કાળની બાજુનું સોગઠું છું તે ચલાવે તેમ ચાલુ છું. આ વિશ્વ સમસ્ત કાલગ્રસ્ત છે. અહીં કોઈ અમર નથી. 'સર્વ કાલાત્મકમિદં જગત્' સર્વ કાલેન સૃસ્યતે કાલેન નશ્યન્તે પુન: પુન: જયારે આના મરણ માટે કાળ જવાબદાર છે. કથાનો અંતિમ ભાગ વધારે વિશિષ્ટ છે. કારણ હવે કાળ પણ પોતાની સફાઈ રજૂ કરે છે. માણસના સુખ-દુ:ખ મરણ જન્મ. ઈત્યાદિમાં મારો ભાગ અતિ અલ્પ હોય છે. માણસના તમામ પ્રકારના કાર્યો માટે તેના અગાઉ કરેલા કર્મો જ જવાબદાર છે.

શુંમેન કર્મણા સૌરવ્યં દુ:ખ પાપેન કર્મણા
કૂંત ભવતિ સર્વત્ર નાકૃતં વિન્યતે કવચિત ॥

જે કંઈ સુખદુ:ખ આવે છે તે કર્મ સિદ્ધાંત પ્રમાણે જ આવે છે. કોઈને પણ પોતે ન કર્યા હોય તેવાં કર્મનાં સારો કે માઠાં ફળ ભોગવવા પડતા નથી. આ બાળકના મરણ માટે ન તો સાપ, ન મૃત્યુ ન કાળ. કોઈ જવાબદાર નથી.

'યદતેન કૃતં કર્મ - તેનાયં નિધનં ગતઃ' તેના મરણ માટે તેના પોતાના જ કર્મો જ જવાબદાર છે. સર્વ કર્મવશ બમુવ - બધું કર્મનાં ન્યાય પ્રમાણે જ થયું છે. આપ પિતામહ ભીષ્મ યુધિષ્ઠિરને મરનું કારણ સમજાવતા કહે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)